ગાંધીધામ મહાનગરપાલિકા

પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ–કચ્છ. પીન.૩૭૦૨૦૧

તા.૨૭/૦૨/૨૦૨૬

**"અખબારી યાદી"**

## આદિપુરમાં ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા રોડ વિથ/પોતાની માલિકી પ્લોટ ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવની ઝુંબેશ

આદિપુરમાં આજે મનપા દ્વારા મહાનગરપાલિકાની માલિકીના પ્લોટ અને રસ્તા પૈકીની જમીન પર આવતા GIDC વિસ્તારમાં દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અગાઉ આપવામાં આવેલી નોટિસના અનુસંધાને તંત્ર દ્વારા અંદાજે ૧૨૦ થી વધુ દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં ૨(બે) પ્લોટ કુલ ૫૦૦૦ ચો.મી જેની અંદાજીત કિંમત ૧૨ (બાર) કરોડ અને રોડ વિથ, જે ૨૦,૦૦૦ ચો.મી. માર્જીનમાં અનઅધિકૃત રીતે અમુક ઇસમો દ્વારા કબજો કરી અને ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. જે દબાણો આજે મહાનગરપાલિકા દ્વારા દુર કરવામાં આવેલ છે. આ કામગીરી દરમિયાન ડેપ્યુટી કમિશ્નર મેહુલભાઈ દેસાઈ, ડેપ્યુટી કમિશ્નર સંજયકુમાર રામાનુજ, દબાણ ઇન્સ્પેક્ટર ગાયત્રી પ્રસાદ જોશી, પોલીસ ઇન્સ્પેક્ટર મહેશ વાળા સહિત મનપા અને પોલીસની સમગ્ર ટીમ સ્થળ પર હાજર રહી હતી. સાથે સાથે PGVCL, પાણી પુરવઠા વિભાગ, લાઇટ વિભાગ, આરોગ્ય વિભાગ, SRC તેમજ અન્ય સંબંધિત વિભાગોની ટીમો પણ કામગીરીમાં જોડાઈ હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે એમ્બ્યુલન્સ પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી.

આમ, ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા રોડ વિથના દબાણો તથા મહાનગરપાલિકાની માલિકીના પ્લોટ પરના દબાણો દુર કરવા પ્રતિબદ્ધ છે. તેવું મહાનગરપાલિકાની અખબારયાદીમાં જણાવવામાં આવેલ છે.

**જનસંપર્ક અધિકારી**